# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

છ–૫, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સુભાષચંદ્ર બોઝ શિક્ષણસંકુલ,
સેક્ટર–૨૦, ગાંધીનગર
ફોન નં – ૦૭૯ ૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬ વેબસાઈટ–www.cugujarat.ac.in

તા. ૨૦/૦૭/૨૦૨૦

## જાહેરાતમાં સુધારા બાબત

આથી તમામ સંસ્થાઓને જણાવવાનું કે નીચે મુજબની જાહેરાતમાં તપોવન માટે અરજી કરવાની છેલ્લી તા. ૦૫–૦૭–૨૦૨૦ હતી જે હવે તા. ૩૧–૦૭–૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે તથા અરજીની હાર્ડકોપી જરૂરી આધારો સાથે મોકલવાની તારીખ ૧૦–૦૮–૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે જેથી અરજી કરીને જરૂરી આધારો સાથે જોડી યુનિવર્સિટીના સરનામા પર રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ દ્વારા કવર પર જ તપોવન કેન્દ્ર માટેની અરજીનો ઉલ્લેખ સાથે મોકલી આપવાની રહેશે.

## Children's University

Subhashchandra Bose Sikshansankul, Near Chh 5 Children's University Circle, Sector-20, Gandhinagar, Phone No.- (079) 23244569 Website: www.cugujarat.ac.in

### જાહેરાત ક્રમાંકઃ...../૨૦૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ગર્ભસ્થ શિશુથી માંડીને વિદ્યાર્થી ૧૮ વર્ષનો થાય ત્યાં સુધી એના સર્વાંગીણ વિકાસ માટે કાર્યરત છે. આ કાર્યના બે વિભાગો તપોવન અને વિદ્યાનિકેતનમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓને જોડાવા માટે યુનિવર્સિટી અરજીઓ આમંત્રિત કરે છે.

| વિભાગનું નામ | વિભાગની વિગતો |
|---|---|
| તપોવન | બાળકના શિક્ષણ અને સંસ્કારની શરૂઆત ગર્ભથી જ થઈ જાય છે. ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર ભારતનો પ્રાચીન અને સિદ્ધ થયેલો વૈજ્ઞાનિક અભિગમ છે. ગર્ભસ્થ શિશુને ગર્ભવતી માતાના માધ્યમથી શિક્ષણ અને સંસ્કાર આપવાનું આ કાર્ય ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી 'તપોવન કેન્દ્ર' નામની યોજના દ્વારા કરી રહી છે. આ પ્રક્રિયા દ્વારા માતાઓ ઈચ્છિત તેજસ્વી સંતાન પ્રાપ્ત કરી શકે છે.<br>જે NGO/સંસ્થાઓ આવું 'તપોવન કેન્દ્ર' શરૂ કરવા તત્પર હોય તે અરજી કરી શકે છે.<br>વધુ વિગતો માટે જુઓઃ– http://tapovan.cugujarat.ac.in/ |
| વિદ્યાનિકેતન | વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ થાય એ માટે દરેક શાળા – વિદ્યાલય પ્રયત્નશીલ હોય છે. આ પ્રક્રિયામાં કેટલાક મહત્ત્વના વિષયોનું જીવનશિક્ષણ અને જીવંત શિક્ષણ આપવાની અનૌપચારિક પદ્ધતિઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ વિકસાવી છે.<br>શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ક્ષમતા, કૌશલ્યવિકાસ અને ગુણવત્તા સુધારવાના યુનિવર્સિટીના પ્રયાસો શાળાઓને ઉપયોગી થઈ શકે તેમ છે. વિદ્યાર્થીઓની તેજસ્વિતા અને શિક્ષકના શિક્ષકત્વમાં અભિવૃદ્ધિ થાય એ હેતુથી 'વિદ્યાનિકેતન' પ્રકલ્પ હેઠળ શાળાઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માન્યતા આપી જોડાણ કરવા ઈચ્છે છે. માન્યતા મેળવવા ઈચ્છતી શાળાઓ અરજી કરી શકે છે.<br>વધુ વિગતો માટે જુઓઃ– http://www.cugujarat.ac.in/vidhyaniketan |

ઉપર્યુક્ત વિભાગોમાં રસ ધરાવતી સંસ્થાઓએ તારીખઃ ૦૫/૦૬/૨૦૨૦ થી તારીખઃ ૦૫/૦૭/૨૦૨૦ સુધી ઉપર જણાવેલી વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે, તેમ જ ઓનલાઈન અરજીની હાર્ડ કોપી જરૂરી આધારો સાથે તારીખઃ ૧૩/૦૭/૨૦૨૦ સુધી યુનિવર્સિટીના સરનામા પર, રજી.પો.એ.ડી અથવા સ્પીડ પોસ્ટ દ્વારા કવર પર જે તે વિભાગના સ્પષ્ટ ઉલ્લેખ સાથે મોકલી આપવાની રહેશે. વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લેવી.

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૦૫/૦૬/૨૦૨૦

માહિતી/૧૮૫/૨૦–૨૧

રજિસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર